રાજય સરકારની જગ્યા પર નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થયેથી એડહોક ધોરણે ફરજ બજાવતા ઉમેદવારની સેવાનો અંત લાવવા તથા સીધી ભરતી/બઢતીના ઉમેદવારને સત્વરે નિમણૂંક આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પીએસસી-૧૦-૨૦૧૯-૬૭૪૪૫૯-ગ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ- (૧) ગુજરાત રાજ્ય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુકિત) વિનિયમો-૧૯૭૧

(૨) સા.વ.વિ.ના તા.૧૪/૧૦/૧૯૯૩નો પરિપત્ર ક્ર:પીએસએલટી-૧૦૮૮-૩૩૬૭(૨)-ગ.૨

(૩) સા.વ.વિ.ના તા.૧૭/૦૧/૧૯૯૫નો પરિપત્ર ક્ર:પીએસસી-૧૦૮૪-૭૭૬-ગ.૨

(૪) સા.વ.વિ.ના તા.૨૭/૦૮/૧૯૯૭નો પરિપત્ર ક્ર:પીએસસી-૧૦૮૬-૧૩૪૨-ગ.૨

**પરિપત્રઃ-**

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલઃ- ક્રમ નં.-(૧) હેઠળના ગુજરાત રાજ્ય સેવા આયોગ (વિચાર વિનિયમમાંથી મુકિત) વિનિયમો-૧૯૬૦ના નિયમ-૩(ખ)(૨)થી રાજ્ય સરકારની આયોગના કાર્યક્ષેત્ર હેઠળની જગ્યાઓ ઉપર એક વર્ષ માટે એડહોક નિમણૂંક કરવાની સત્તા રાજય સરકારને મળેલ છે. વંચાણે લીધેલ ક્રમ નં.-(૨) હેઠળના તા.૧૪/૧૦/૧૯૯૩ અને તા.૨૭/૦૮/૧૯૯૭ના પરિપત્રોથી અને તેમાં દર્શાવેલ સંજોગોને આધીન રાજ્ય સરકારની જગા ઉપર સામાન્ય રીતે એડહોક નિમણૂંક ન આપવા અને એડહોક નિમણૂંક આપ્યા બાદ વંચાણે લીધેલ ક્રમ નં.-(૩) પરના સા.વ.વિ.ના તા.૧૭/૦૧/૧૯૯૫ના પરિપત્ર અને તા.૧૪/૧૦/૧૯૯૩ના નિયત કરેલ પત્રક મુજબ દર્શાવેલ વિગતે આયોગનો એડહોક નિમણૂંક આપ્યા બાદ ભરતી એજન્સીઓને તુરત જ માંગણી પત્રક મોકલવું, અનિવાર્ય કારણસર એડહોક નિમણૂંક એક વર્ષ બાદ ચાલુ રાખવી આવશ્યક હોય તો પ્રથમ વર્ષ પૂર્ણ થાય તે પહેલા સંબંધિત ભરતી એજન્સીની પૂર્વ સંમતિ મેળવી લેવાની રહે છે. માન્ય ભરતી એજન્સી દ્વારા સીધી ભરતીથી બઢતીથી નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થયે એડહોક ધોરણે ફરજ બજાવતા ઉમેદવારોની એડહોક સેવાનો અંત લાવવાનો રહે છે. ભરતી એજન્સી દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારો ઉપલબ્ધ ન હોય અને એડહોક નિમણૂંક અપાયેલ હોય તેવા કિસ્સામાં ત્રણ માસમાં માંગણીપત્રક ભરતી એજન્સીને મોકલી આપવુ, એડહોક ધોરણે નિમણૂંક પામેલ ઉમેદવારના હુકમમાં સંબંધિત ઉમેદવારે જયારે માન્ય ભરતી સંસ્થા દ્વારા ભરતીની જાહેરાત પ્રસિધ્ધ થાય ત્યારે અવશ્ય અરજી કરવી અને અરજી નહીં કરે અથવા અરજી કર્યા બાદ રૂબરૂ મુલાકાતમાં હાજર નહીં રહે અથવા માન્ય ભરતી

સંસ્થા દ્વારા પસંદગી ન પામે તો એડહોક નિમણૂંકનો અંત લાવવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

રાજય સરકારની જગા ઉપર કામચલાઉ ધોરણે અનિવાર્ય આવશ્યકતાને ધ્યાને લઇને સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ નં.-(૧) થી (૪) માં દર્શાવેલ પરિપત્રોને આધીન એડહોક નિમણૂંક આપવામાં આવેલ હોય કે એડહોક નિમણૂંક ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં લંબાવવામાં આવેલ હોય ત્યારે સામાન્ય વહીવટ વિભાગની ઉકત સૂચના અનુસાર અને નામ. ગુજરાત હાઇકોર્ટના સ્પે.સી.એ નં. ૯૬૭૬/૨૦૧૫ તથા એલ.પી.એ. નં. ૯૮૬/૨૦૧૯ના તા.૨૬/૦૪/૨૦૧૯ના ઓરલ ઓર્ડરથી કરેલ હુકમમાં જણાવ્યા અનુસાર નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યારે એડહોક ધોરણે ફરજ બજાવતા ઉમેદવારોની સેવાનો સત્વરે અંત લાવવા અને સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવાર કે બઢતીથી ઉપલબ્ધ થયેલ કર્મચારી/અધિકારીને નિમણૂંક આપવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવા અંગે આથી સચિવાલયના તમામ વિભાગો અને વિભાગો હેઠળની તમામ કચેરીઓને ચૂસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુશીલ વ્યાસ)
અધિક સચિવ(ક.ગ.),
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
★સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
★સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
★સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
★સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
★રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
★સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
★સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
★સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
પસંદગી ફાઇલ
★પત્ર દ્વારા